ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/૫૬
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૨૯/૧૨/૨૦૧૫

// **સુધારા પરિપત્ર** //

**વિષયઃ- નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ મિલ્કતોના બાંધકામ અંગેના નકશા મંજુર કરાવવા, બાંધકામ શરૂ કરવા તેમજ ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા અંગેની સમય મર્યાદા અને તે અંગે થતા વિલંબીત સમય માટેના દંડની નીતિ.**

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૮)૦૭, તા. ૩૧/૦૫/૨૦૦૮.
(૨) પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)-૩૯, તા. ૩/૧૦/૨૦૧૨
(૩) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૨૪, તા. ૯/૭/૨૦૧૫.

ઉપરોકત સંદર્ભ (૩) થી સદર ફકરામાં નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ ઔદ્યોગિક, વાણીજય કે રહેણાંકના મિલ્કતોની ફાળવણી થયા બાદ ફાળવણીદાર ધ્વારા બાંધકામના નકશા રજુ કરવા, બાંધકામ શરૂ કરવા તેમજ મિલ્કતમાં ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા અંગેની વિતરણની તારીખથી સમય મર્યાદા તેમજ સદર સમય મર્યાદામાં થયેલ વિલંબીત સમય માટેના દંડની રકમ અંગેનો પરિપત્ર જારી કરવામાં આવેલ. સદરહુ પરિપત્રમાં ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા અંગેના કોલમમાં સમયમર્યાદા વિતરણ તારીખથી લાગુ કરવામાં આવેલ છે તેની જગ્યાએ હવે પછી કબજો સુપ્રત કર્યાની તારીખ લાગુ કરવાની રહેશે.

સદરહું નીતિ તા.૧/૦૧/૨૦૧૬ બાદ વિતરણ કરવામાં આવનાર મિલકતો/પ્લોટ/રહેણાંક પ્લોટ/વાણિજય પ્લોટ/શેડ વિગેરેમાં લાગું કરવાની રહેશે.

પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રીના નામજોગ પાઠવવી.

સહી/-
**(મનોજ અગ્રવાલ)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું
૨૯/૧૨
મેનેજર (મહેકમ)